# શ્રી ભગવાન મહાવીર સ્વામી
## નું શાસન

# શ્રી તીર્થંકર પરમાત્માની ભક્તિ : સિધ્ધાંત બોધ લેવો અને સિધ્ધાંત બોધ આપવો

**સિધ્ધાંત બોધ = નિશ્ચય બોધ = આત્મધર્મ = મોક્ષમાર્ગ**

**■ ભ્રમણ સાર (કારણ) ■**

(૧) જે જીવોને નિશ્ચય બોધ નથી ગમતો, .................................... તેને સાચું જ્ઞાન (આત્મધર્મ) નથી ગમતું.
(૨) જે જીવોને સાચું જ્ઞાન (આત્મધર્મ) નથી ગમતું, ............................. તેને જ્ઞાની સદ્‌ગુરૂ નથી ગમતા.
(૩) જે જીવોને જ્ઞાની સદ્‌ગુરૂ (શાસ્ત્રનો સાર આપનારા) નથી ગમતા, ........... તેને શાસ્ત્રો નથી ગમતા.
(૪) જે જીવોને શાસ્ત્રો નથી ગમતા (શાસ્ત્રને આધારે ચાલતા નથી), ............. તેને શાસ્ત્ર રચાવનાર શ્રી પરમાત્મા નથી ગમતા.
(૫) જે જીવોને શ્રી પરમાત્મા નથી ગમતા (તેમનું કહેલું કરતા નથી, પણ તેની વિરુધ્ધનું કરે છે), તો તે જીવોને શું ગમે છે, તેનો વિચાર કરે!

બાળજીવોને કાંઈ ખબર નથી. શા માટે જન્મ્યા ? જન્મ ધારણ કરીને શું કરવાનું છે ? શું મેળવવાનું છે ? અને શું મળવાથી જન્મારો સફળ થાય ? બાળજીવો ફક્ત સત્યની ઝુરણા વગર (સાચા જ્ઞાનની જિજ્ઞાસા વગર) સ્વચ્છંદના દોષથી મિથ્યાદ્રષ્ટિથી મિથ્યા વિચારથી અને મિથ્યા વાણીથી વર્તે છે. અને અજ્ઞાન ન ટળી શકે તેવા જ્ઞાનાવરણીય કર્મબંધ બાંધે છે. અને તેને જ જીવનનું સાર્થકપણું માને છે. અને નામ અને માનને મોટું કરીને જીવનનું સદ્‌ભાગ્ય ગણીને મનુષ્યપણાંનું જીવન વેડફી નાખે છે.

## જૈનો જાગો

રમેશ વૈજાણી

**લેખાંક : ૩૪**

**લેખાંકો ૧ થી ૫૮, તા. ૫-૧-૨૦૦૦ થી પુનઃ મુદ્રણ**

આગળનાં લેખાંકમાં કેવા બાળજીવોને નિશ્ચય બોધ ગમતો (ઉગતો) નથી, તેની વિચારણા કરી. તેનાં અનુસંધાનમાં વિશેષ વિચારણા કરીએ. બાળજીવોને પૂર્વનાં ભવોમાં નિશ્ચય બોધ મળ્યો નથી, માટે આ ભવમાં નિશ્ચય બોધની ઝુરણા (જાણવાની જિજ્ઞાસા) થતી નથી અને કદાચ થાય તો માનવા તૈયાર નથી. (કારણ સંસારીક ગણે) અને તેનાં કારણે કદાચ આ ભવ પણ ગુમાવવો પડે. પૂર્વનાં જ્ઞાની પુરૂષોએ બાળજીવો માટે કહેલ છે કે નિશ્ચય બોધ આરાધવાની અનુકુળતા ન હોય, તો બાળજીવોએ એવી શ્રધ્ધા તો કેળવવી જોઈએ કે મોક્ષ માટે નિશ્ચય બોધ વગર જીવ મોક્ષ પામવાનો નથી.

*** સત્સંગ ***

**બાર દોષો સહિતનો સંસાર ‘‘અશુભ’’**
**બાર દોષો રહિતનો સંસાર ‘‘શુભ’’**
**બાર દોષો સહિતનો ધર્મ ‘‘શુભ’’**
**બાર દોષો રહિતનો ધર્મ ‘‘શુધ્ધ’’**

**‘‘આ ભવે આરાધે કે આવતા ભવે આરાધે કે અનંત ભવ પછી આરાધે, મોક્ષ માટે નિશ્ચય બોધ આરાધવો અનિવાર્ય છે.’’**

આવી બળવાન સમજણ (શ્રધ્ધા) પણ ભાવી ભવોમાં નિશ્ચય બોધ મળવાની, પામવાની અને આરાધવાનો યોગ થવાનું કારણ બને (સમકિત પ્રાપ્તિનું કારણ બને). ઘણા બાળજીવોને પૂર્વનાં ભવોની મુંઢતાને કારણે આ ભવમાં નિશ્ચય બોધનો યોગ થતો નથી અને ઘણા બાળજીવોને નિશ્ચય બોધ એજ એક માત્ર મોક્ષમાર્ગ છે, તેવી સમજણ પણ આ ભવમાં મળી નથી, તેનું કારણ બાળજીવો વિચારે, (બાળજીવોની મુંઢતા કે ધર્માચાર્યોની ઉદાસીનતા). આમાં વિશેષ દોષ બાળજીવોનો ગણાય કે તેઓ ધર્માચાર્યો પાસેથી મોક્ષમાર્ગ (નિશ્ચય બોધ) માંગતા નથી. **‘‘માંગે તો ધર્માચાર્યોએ આપવો પડે અને ન આપે તો ધર્માચાર્યોનો દોષ ગણાય’’.** ઘણા ઘણા ભવોનાં પુણ્ય અને કષાયોની મંદતાએ મનુષ્યપણું અને જૈનધર્મ મળ્યો તેનો ઉપયોગ કરીને બાળજીવો સહજતાથી મોક્ષમાર્ગી બની શકે છે અને આવી અનુકુળતામાં જીવ પરીણામ ન લઈ શકે તો ભાવી ભવોમાં ઊતરતાં કુળોમાં (બળવાન પ્રતિકુળતામાં) કેવી રીતે પરિણામ લઈ શકે ? તેનો શ્રાવકોએ વિચાર કરવો અને જૈન કુળનું સાર્થકપણું કેમ કરવું તેનો ઉપાય ધર્માચાર્યો પાસેથી મેળવવો (સિધ્ધાંત બોધ - નિશ્ચય બોધ - આત્મધર્મ જાણવો - માનવો અને આરાધવો તેની સમજણ મેળવવી).

હવે આગળનાં લેખાંકનાં અનુસંધાનમાં નિશ્ચય બોધ કેવા જીવોને નથી ગમતો તેનાં લક્ષણ અને ગુણોની વિચારણા કરીએ.

**Website : www.jainojago.com**

૩૨) જે બાળજીવોને આહારમાં વધારે પદાર્થોનો આગ્રહ હોય (રસેન્દ્રિયને પોષક) તેવા જીવોને નિશ્ચય બોધ ગમતો નથી. (ઉગતો નથી.)

૩૩) જે બાળજીવો સતત શારીરીક બળની (શક્તિની) ઉપાધીમાં રહે (નિરોગીપણું સ્વીકાર્ય) તેવા જીવોને નિશ્ચય બોધ ગમતો નથી. (સિધ્ધાંત બોધ ઉગતો નથી.)

૩૪) જે બાળજીવો સતત ક્રોધમાં રહે તેવા જીવોને નિશ્ચય બોધ ગમતો નથી. (સિધ્ધાંત બોધ ઉગતો નથી.) (આર્તધ્યાન અને રૌદ્રધ્યાન)

૩૫) જે બાળજીવો સતત પરનિંદામાં રાચે છે તેવા જીવોને નિશ્ચય બોધ ઉગતો નથી. (સિધ્ધાંત બોધ ગમતો નથી) (જીવ ગુણગ્રાહીને બદલે નગુણો બને છે.)

૩૬) જે બાળજીવો પરપિડનમાં (બીજાને દુઃખીપણું આપીને) આનંદ માણે છે, તે જીવોને સિધ્ધાંત બોધ (નિશ્ચય બોધ) ગમતો નથી. (એક પ્રકારની હિંસા ગણાય અને તેનાથી હિંસકભાવ બળવાન થાય.)

૩૭) જે બાળજીવો સંસારનાં પદાર્થોમાં અને જીવોમાં મોહ પામે તેવા જીવોને નિશ્ચય બોધ ગમતો નથી. (અંતરમુખીપણાનો ગુણ ગુમાવે છે અને બળવાન બહિર્મુખીપણું ધારણ કરે છે. અને તેના કારણે સતત રાગ-દ્વેષમાં રહે છે.) (સિધ્ધાંત બોધ પામતો નથી.)

**‘‘ભવભ્રમણમાં ભમવા માટેના કારણે જ સદ્‌ગુરૂને ન ઓળખવાનું કારણ, સદ્‌ગુરૂને ન ઓળખવા માટેના કારણે જ ભવભ્રમણમાં ભમવા માટેનું કારણ’’**

૩૮) જે બાળજીવો લોભવૃત્તિમાં રહે છે તેવા જીવોને નિશ્ચય બોધ ગમતો નથી. [લોભને કારણે જીવ સતત ભયમાં રહે છે, (ગુમાવવાના ડરથી) અને બીજા જીવોને દુઃખી જોઈને પણ કરૂણા દ્રષ્ટિ આવતી નથી અને ત્યાગ ભાવનાનો ગુણ પણ ગુમાવે છે.]

૩૯) જે બાળજીવો માયામાં બંધાયેલા રહે છે તેવા જીવોને નિશ્ચય બોધ ઉગતો નથી અને ગમતો પણ નથી. (માયાનું સ્વરૂપ પોતે પોતાનાથી મોહીત થાય અને બીજાને મોહિત કરે અને તેના કારણે સંસારભાવ બળવાન થાય અને આત્મભાવનો ક્ષય થાય.)

૪૦) જે બાળજીવોને સંસારમાં બળવાન જિજ્ઞાસાવૃત્તિ હોય તેવા જીવોને નિશ્ચય બોધ ગમતો નથી. (સંસારની જિજ્ઞાસાવૃત્તિથી દ્રષ્ટિ અને બુધ્ધિ બન્ને વિપર્યાસપણું પામે છે અને તેથી દ્રષ્ટિ અને બુધ્ધિનું નિર્મળપણું ગુમાવે છે.)

૪૧) જે બાળજીવોને વિકથા (સંસારની કથા)માં વિશેષ ભાવ છે તેવા જીવોને નિશ્ચય બોધ ગમતો નથી. (નબળા વાંચનનાં કારણે વિચાર અને વાણી બન્ને નબળા બને છે, અને તેનાં કારણે વર્તન હલકું થાય છે અને સંસ્કારનો ક્ષય થાય છે.)

*** સત્સંગનું ફળ ***

**મિથ્યાત્વનું મિથ્યાત્વ, મિથ્યાત્વપણામાં, મિથ્યાભાવે, મિથ્યાત્વ સ્વભાવે, મિથ્યાનુભવે, મિથ્યાત્વ માન્યું, તે ટાળવા મિથ્યાત્વપણે, મિથ્યાત્વ ભાવે, મિથ્યાત્વનું મિથ્યાત્વ ટાળવાનો મિથ્યા પ્રયાસ એજ મિથ્યાત્વ ગાઢ થવાનું કારણ. ‘‘સમકિતીનું ભાન એજ મિથ્યાત્વીનું મિથ્યાત્વ ટાળવા માટેનું જ્ઞાન’’**

૪૨) જે બાળજીવોને પરનિંદા સાંભળવી ગમે છે, તે જીવોને નિશ્ચય બોધ (સિધ્ધાંતબોધ) ગમતો નથી. (પરનિંદા સાંભળવાથી અને તેમાં આનંદ લેવાથી જીવ અનુમોદનાનું પાપ ફળ મેળવે છે, જેમાં જીવે લેવાનું કે દેવાનું કંઈ પણ ન હોવા છતાં અનંત પાપ કર્મ બાંધે છે.)

૪૩) જે બાળજીવો સતત રાગ અને દ્વેષમાં રહે છે (કરે છે) તેવા જીવોને સિધ્ધાંતબોધ (નિશ્ચય બોધ) (આત્મધર્મ) ગમતો નથી, ઉગતો નથી અને પામતો પણ નથી (જીવ રાગ અને દ્વેષનાં કારણે સતત રાગનું રૂપાંતર દ્વેષમાં કરે છે અને દ્વેષનાં કારણે સતત આર્તધ્યાન અને રૌદ્રધ્યાનમાં રહે છે તેના કારણે અંતરમાં સતત અજંપો રહે છે, તેનાં કારણે સ્વભાવ ક્રોધિષ્ઠ થાય છે તેનાં કારણે હિંસકપણું આવે છે અને તેનાં કારણે જીવમાં સતત ભય રહે છે અને ભયનાં કારણે જીવ આનંદ ગુમાવે છે અને આનંદ વગરનું જીવન એ ધર્મ વગરનું જીવન બને છે. અને ધર્મ વગરનું જીવન એ પંચેન્દ્રિયપણાંમાં પશુ સમાન જીવન બને છે અને પશુ સમાન જીવન જીવે છે. અને તેનાં કારણે અજ્ઞાનમાં અનંત અનંત અજ્ઞાનનો વધારો થાય છે અને

**‘‘અનંત ભવ ભ્રમણનું કારણ અજ્ઞાનપણું અને એજ અજ્ઞાનપણું ભાવી ભવ ભ્રમણની અજ્ઞાન અવસ્થાનું કારણ’’.**

**આનંદ આનંદ આનંદ**

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.